# સમગ્ર શિક્ષા, ગાંધીનગર

સમગ્ર શિક્ષાની જાહેરાત ક્રમાંક: સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૧/૧૨૯૩૦ થી CRC CO-ORDINATOR (CONTRACT BASE) અંગેની સંભવિત મેરીટ યાદી તા. ૦૬/૦૫/૨૦૨૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે સંદર્ભે ઉમેદવારો તરફથી કોઈ રજૂઆત હોય તો તા.૧૩/૦૫/૨૦૨૧ સુધીમાં ઈમેલથી મોકલવા જણાવવામાં આવેલ હતું. જે સંદર્ભે કુલ ૨૬ ઉમેદવારની રજૂઆતો અન્વયે જરૂરી ચકાસણીને અંતે સંભવિત મેરીટ યાદીમાં કોઈ ફેરફાર થયેલ નથી.

ઉપરોક્ત ૨૬ ઉમેદવારોની રજૂઆતો પૈકી ચકાસણીને અંતે (૧) અરજી નં. ૨૧૦૧૦૩૮૧૩ (૨) અરજી નં.૨૧૦૧૦૦૯૫૭, ૨૧૦૧૦૦૮૯૦ (૩) અરજી નં. ૨૧૦૧૦૩૫૨૯ (૪) અરજી નં.૨૧૦૧૦૪૩૯૪ મુજબના ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના ગુણ ઓનલાઈન એન્ટ્રી કરતી વખતે ખોટા દર્શાવેલ છે. આ સુધારો અસલ માર્કશીટને આધારે કરવાનો થતો હોઈ તથા (૫) અરજી નં. ૨૧૦૧૦૦૧૮૪ મુજબના ઉમેદવારનો અનુભવ પ્રમાણપત્રને આધારે કરવાનો થતો હોઈ જિલ્લાની પસંદગી સમિતિ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી દરમ્યાન જિલ્લાકક્ષાએથી કરવામાં આવશે.

(૬) અરજી નં. ૨૧૦૧૦૨૩૫૧ (૭) અરજી નં. ૨૧૦૧૦૪૬૧૧ (૮) અરજી નં. ૨૧૦૧૦૦૪૬૪ (૯) અરજી નં. ૨૧૦૧૦૨૪૨૫, ૨૧૦૧૦૪૨૩૦ (૧૦) અરજી નં. ૨૧૦૧૦૨૭૫૧ તથા તેઓએ કરેલ અન્ય ૭ અરજી (૧૧) અરજી નં. ૨૧૦૧૦૩૮૫૮, ૨૧૦૧૦૪૦૮૮ (૧૨) અરજી નં. ૨૧૦૧૦૧૩૨૬ (૧૩) અરજી નં. ૨૧૦૧૦૧૭૯૮, ૨૧૦૧૦૧૮૦૪ (૧૪) અરજી નં. ૨૧૦૧૦૧૩૬૨ (૧૫) અરજી નં. ૨૧૦૧૦૦૭૨૩ (૧૬) અરજી નં. ૨૧૦૧૦૧૦૮૩ (૧૭) અરજી નં. ૨૧૦૧૦૧૪૩૪, ૨૧૦૧૦૧૪૫૨ (૧૮) અરજી નં. ૨૧૦૧૦૧૦૧૪, ૨૧૦૧૦૨૪૨૯ (૧૯) અરજી નં. ૨૧૦૧૦૪૬૫૦ મુજબના ઉમેદવારોની અનુભવના માર્કસના ગુણાંકન બાબતની રજૂઆત અન્વયે અનુભવનું ગુણાંકન જાહેરાતના પરિશિષ્ટ-૨ની સુચના નં. ૧૩ મુજબ ફરજીયાત ૩ વર્ષના અનુભવ પછીના પ્રત્યેક વધારાના વર્ષ તરીકે ૧ ગુણ પ્રમાણે કરેલ હોઈ મેરીટયાદીમાં દર્શાવેલ અનુભવના ગુણ બરાબર છે જેથી ઉપરોક્ત ક્રમ નં ૬ થી ૧૯ મુજબના ઉમેદવારોની રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૦) અરજી નં. ૨૧૦૧૦૧૧૫૯, ૨૧૦૧૦૪૩૦૨ મુજબના ઉમેદવારની મેરીટમાં બી.એડ.ની જગ્યાએ પી.ટી.સી.ના ગુણ ગણવાની રજૂઆત અન્વયે અનુભવ સ્નાતક તથી પી.ટી.સી./બી.એડ.ની લાયકાત કર્યા પછીનો માન્ય હોવાથી ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ બી.એડ.ની લાયકાત યોગ્ય છે જેથી રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૧) અરજી નં. ૨૧૦૧૦૦૬૨૦ મુજબના ઉમેદવારની મેરીટમાં શૈક્ષણિક અનુભવ ઉમેરવા અંગેની રજૂઆત અન્વયે અનુભવ સ્નાતક તથી પી.ટી.સી./બી.એડ.ની લાયકાત કર્યા પછીનો માન્ય હોવાથી ઉમેદવારે ઓનલાઈન અરજીમાં પી.ટી.સી. ૨૦૦૯માં જયારે સ્નાતક ૨૦૧૨માં કરેલ છે જેથી ઉમેદવારે અરજીમાં દર્શાવેલ ૨૦૧૨ થી ૨૦૧૯ સુધીનો અનુભવ યોગ્ય છે. જેથી રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૨) અરજી નં. ૨૧૦૧૦૧૦૧૦, ૨૧૦૧૦૦૬૩૯ મુજબના ઉમેદવારની મેરીટયાદીમાં એમ.એડ. ના ગુણ ઉમેરવા રજૂઆત અન્વયે ઉમેદવારે ઓનલાઈન અરજી વખતે એમ.એડ.ની લાયકાત દર્શાવેલ નથી જેથી મેરીટયાદીમાં એમ.એડ.ના ગુણ આપેલ નથી જેથી રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૩) અરજી નં. ૨૧૦૧૦૨૪૬૨ તથા તેઓએ કરેલ અન્ય ૫ અરજી (૨૪) અરજી નં. ૨૧૦૧૦૨૮૭૨ મુજબના ઉમેદવારોની એપ્લીકેશન કરેલ છે છતાં મેરીટયાદી તથા કેન્સલ યાદીમાં નામ નથી અંગેની રજૂઆતમાં ઉમેદવારે ઓનલાઈન અરજી કન્ફર્મ કરેલ નથી જેથી રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૫) અરજી નં. ૨૧૦૧૦૪૪૦૧ તથા તેઓએ કરેલ અન્ય ૬ અરજી, મુજબના ઉમેદવારની વર્ષ ૨૦૧૩ના TET-II ના પ્રમાણપત્ર મુજબ મેરીટ ગણતરી કરવા અંગેની રજૂઆત અન્વયે એક જ જિલ્લામાં એક કરતા વધારે અરજી કરેલ હોવાથી છેલ્લે કન્ફર્મ કરેલ અરજી માન્ય ગણેલ હોવાથી ઉમેદવારની રજૂઆત અમાન્ય કરેલ છે.

(૨૬) અરજી નં. ૨૧૦૧૦૫૦૫૩ મુજબના ઉમેદવારની ઓનલાઈન અરજીમાં ફોટાની જગ્યાએ સહી અને સહીની જગ્યાએ ફોટો અપલોડ કરેલ છે જે સુધારવા અંગેની રજૂઆત અન્વયે ઓનલાઈન અરજીમાં કરેલ ભૂલ સુધારવી અત્રેથી શકય ન હોઈ તેમજ આપની રજૂઆતને મેરીટના ગુણાંકન સાથે સબંધ ન હોઈ ઉમેદવારે રજૂઆત કરવાની રહેતી નથી.

સંભવિત મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારિત સીઆરસી કો-ઓર્ડિનેટરની જગ્યાના કરાર માટેની પ્રકિયા સંભવિત તા. ૦૪/૦૬/૨૦૨૧ના રોજ જિલ્લાકક્ષાએથી હાથ ધરવામાં આવશે જે અંગેની જાણ જે તે જિલ્લા પ્રોજેકટ કચેરી તરફથી કોલ લેટરથી કરવામાં આવશે.